મહત્તમ : ૨૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૬૭ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં જામતો ચૂંટણી પ્રચારનો ધમધમાટ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં રાજકીય ચૂંટણી જંગ બરાબરનો જામ્યો છે. ચૂંટણીની આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યાર ઉમેદવારો મતદારો સુધી વધુ ઝડપથી પહોંચી શકે તે માટે પ્રયત્નો કરી રહ્યા છે. તો શહેરની સાથે સાથે ગામડાઓમાં પણ રાત્રી બેઠકોમાં ચૂંટણીનો માહોલ બરાબરનો જામ્યો છે. દિવસો નજીક આવે છે તેમ ઉમેદવારોએ પ્રચાર-પ્રસાર ખુબ ઝડપી બનાવી દીધો છે ત્યારે ગાંધીનગર ઉત્તર બેઠકમાં પણ ૧૨ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ભાજપ-કોંગ્રેસ, એનસીપી, આપ, જન વિકલ્પ, બસપા શકિતની વિવિધ પાર્ટી અને અપક્ષ ઉમેદવારો વચ્ચે કશ્મકશનો જંગ જામ્યો છે. અત્યારની હાલની પરિસ્થિતિએ ગાંધીનગરમાં સૌ પ્રથમવાર ત્રિપાંખિયો જંગ જામશે. ભાજપ-કોંગ્રેસ બંને રાજકીય પક્ષને એનસીપીના ઉમદવાર રોહિત નાયાણી ટકકર આપી રહ્યા છે. ભાજપ-કોંગ્રેસના બેડામાં એનસીપીને લઈ ચિંતા પ્રસરી છે. એનસીપી દ્વારા બુધવારના રોજ જુના સેકટરોમાં બાઈક રેલી યોજીને

મતદારોને એનસીપીના નેતા રોહિત નાયાણી મળ્યા હતા. રોહિત નાયાણીએ રેલી દરમિયાન જુના સેકટરની પ્રજામાંથી અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડયો છે. જયારે આજે એનસીપીએ ગાંધીનગર શહેરી વિસ્તાર બાદ ગ્રામ્ય વિસ્તારમાં પ્રચાર કર્યો હતો. જેમાં ઉનાવા, રાંધેજા ગામમાં ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો. આગામી સમયમાં પણ ગ્રામ્ય વિસ્તારમાં નુકકડ બેઠકો, ખાટલા બેઠકો અને શેરી બેઠકો યોજીને મતદારોને રીઝવવામાં આવશે. એનસીપીના દિગ્ગજ નેતાઓ અને સ્ટાર પ્રચારકો પણ આગામી સમયમાં ગાંધીનગરમાં સભા યોજશે. ત્યારે તા. ૮ને શુક્રવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે એનસીપી દ્વારા બાઈક રેલી યોજી સેકટરોની ગલીઓ ખુંદી વળશે. ગાંધીનગર શહેરના સે-૧૭ મધ્યસ્થ કાર્યાલયથી બાઈક રેલી નીકળશે અને નવા સેકટરોમાં એક પછી એક સેકટરમાં ડીજેના તાલે પ્રચાર કરવામાં આવશે. ત્યારે એનસીપીના પ્રચાર-પ્રસારને લોક પ્રતિસાદ મળતો જોઈ રાજકીય પક્ષોના ડેરામાં ચિંતાનું મોજું પ્રસર્યું છે.

@ગાંધીનગર

● પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા આનંદનો ગરબો લિમ્બચ માતાજીના મંદિર ખાતે બપોરે ૨.૩૦થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને પ્રધાનમંત્રીની જાહેરસભા બપોરે ૧૨.૩૦ કલાકે ગોપાલનગર પાસેના મેદાન ખાતે યોજાશે.

અમદાવાદમાં તરખાટ મચાવનાર રીક્ષા ચોર ત્રિપુટી આખરે પકડાઈ

અલગ અલગ વિસ્તારમાંથી ૧૪ સીએનજી રીક્ષાની ચોરીનો ભેદ ઉકેલાયો : ગાંધીનગર એલસીબીએ ત્રિપુટીને ઝડપી પાડી : એક આરોપી અગાઉ નકલી નોટ સાથે અને દેશી તમંચા સાથે પણ પકડાયેલો છે

ગાંધીનગર, તા.૭

અમદાવાદ પંથકમાં તરખાટ મચાવી દેનાર રીક્ષા ચોરતી ગેંગને ગાંધીનગર એલસીબીએ પકડી પાડી મોટી સફળતા મેળવી છે. અમદાવાદના અલગ અલગ વિસ્તારોમાં રીક્ષા ચોરી કરનાર ત્રિપુટીને એલસીબીએ દબોચી લઈ ઉંડી પુછપરછ કરતાં ૧૪ સીએનજી રીક્ષાની ચોરીના ભેદ ઉકેલાયા છે. એલસીબીએ ત્રણેયની ધરપકડ કરી ચોરીની રીક્ષાઓ તથા એન્જીનો સહિત રૂ. ૩.૨૮ લાખનો મુદ્દામાલ રીકવર કરી ઉંડી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમે ચોકકસ બાતમી આધારે શહેરના ક-૬ સર્કલ કોલવડા તરફથી આવતા રોડ ઉપરથી મહેસાણાના સુજાદખાન ડોસુખાન પઠાણ, વસીમ મહેબુબખાન પઠાણ અને ઉમરાવ ઉર્ફે જાડીયો સમનખાન બલોચ મળી ત્રણ શખ્સોને ચોરીની રીક્ષા સાથે પકડી પાડયા હતા. રીક્ષામાંથી એક કોથળી મળી હતી. જેમાંથી રીક્ષાઓના એન્જીનના સ્પેર પાર્ટસ મળી આવ્યા હતા. આ મામલે સઘન પુછતાછ કરતાં એક પછી એક ૧૪ સીએનજી રીક્ષાની ચોરીના ભેદ ઉકેલાયા હતા. ચોરેલી રીક્ષાઓ ખોલી નાંખીને સ્પેર પાર્ટસ અલગ કરી તેને વેચવા જતા હોવાનું પુછપરછમાં ખુલતા ત્રણેયની ધરપકડ કરી લીધી છે. શાહપુર, વાડીલાલ હોસ્પિટલ, અમદાવાદ ઈન્કમટેક્ષ કમિશનર ઓફિસ પાછળ આવેલી મસ્જીદ આગળથી, સિવિલ હોસ્પિટલના કંપાઉન્ડમાંથી તથા ઘી કાંટા વિસ્તારમાંથી મળી ૧૪ રિક્ષાઓ ચોરી કરી હોવાની સનસની કબુલાત કરી છે. ત્રણેય પાસેથી રૂ. ૩,૨૮,૫૦૦નો મુદ્દામાલ રીકવર કરી વધુ પુછપરછ શરુ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ ત્રણ આરોપીઓ પૈકી વસીમ પઠાણ રીક્ષા રીપેરીંગનો કારીગર છે. વર્ષ ૨૦૦૩માં અમદાવાદ એટીએચમાં તથા કલોલમાં નકલી નોટોના કેસમાં આ શખ્સ પકડાઈ ચુકેલો છે અને કોર્ટે ૧૦ વર્ષની સજા ફટકારી હતી ત્યાર બાદ પાટણમાં પણ નકલી નોટોના કેસમાં પકડાયો હતો અને કડીમાં ગેરકાયદેસર હથિયાર (દેશી તમંચો)ના ગુનામાં પકડાઈ ચુકેલો છે.

સે-૨૭ના એક બંધ મકાનને બારોબારી વેચી મારી રૂ. ૨૭ લાખનો ચુનો...!

બોગસ કાગળો બતાવી સે-૨૪ના બે શખ્સોએ મળી કોઈનું મકાન વેચી નાંખ્યુ ખરીદનારને પછી ખબર પડી કે કાગળો બોગસ હતા : એકની ધરપકડ

ગાંધીનગર, તા.૭

શહેરના સેકટર-૫-બી ખાતે રહેતા એવન શશીકાન્ત પટેલે સેકટર-૨૧ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે સે-૨૪ના બે શખ્સોએ મળીને દોઢ વર્ષ પહેલા તેમના પિતાનો સંપર્ક કર્યો હતો. સે-૨૭માં એક મોકાનું મકાન પાર્ટીને તાત્કાલિક વેચવું છે. સસ્તામાં પતી જશે તેમ કહી વિશ્વાસમાં લઈ બોગસ કાગળો બાતવીને રૂ. ૨૭ લાખનો ચુનો લગાડી દીધો છે. દસ્તાવેજ કરવાનું આવ્યું ત્યારે કોઈને કોઈ બહાના કાઢતા બંને શખ્સો ઉપર શંકા જતા તપાસ કરી ત્યારે ખબર પડી કે સે-૨૭નું એક બંધ મકાન બારોબાર વેચીને સોદો કરી નાંખ્યો છે.

એવન પટેલની ફરિયાદને આધારે સે-૨૧ પી.આઈ. જતીન પ્રજાપતિ સે-૨૪ના આરોપીઓ કલ્પેશગીરી રમેશગીરી ગોસ્વામી અને મનુ ભીખા બાવરા સામે ગુનો દાખલ કરી કલ્પેશગીરીની ધરપકડ કરી લીધી છે. કોના નામનું મકાન છે? કેવી રીતે સોદો પાડયો? કોની કોની સંડોવણી છે? તે ઉપરાંત બોગસ દસ્તાવેજો કોના નામના છે? અને કોણે બનાવ્યા? તે સહીતની તપાસ શરુ કરવામાં આવી છે. આરોપીને કોર્ટમાં રજુ કરાતા કોર્ટે ૯ દિવસના રિમાન્ડ મંજુર કરતા સે-૨૧ પી.આઈ. જતીન પ્રજાપતિએ ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

ચુંટણીમાં મતદાન કરવા નાગરિકોને જાગૃત નાગરિક પરિષદની અપીલ

ગાંધીનગર, તા.૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણી સમગ્ર રાજયમાં તા. ૯ અને ૧૪ ડિસેમ્બરના દિવસોએ યોજાઈ રહી છે ત્યારે મતદાન અવશ્ય કરવા નાગિરકોને ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે આહવાહન કર્યુંછે.

લોકશાહીના અધિકાર આપણને ત્યારે જ પ્રાપ્ત થાય છે જયારે આપણે ચૂંટણીમાં અવશ્ય મતદાન કરીએ છીએ તેમ જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ જયોતિનદ્રભાઈ દવેએ જણાવ્યું છે. ચૂંટણી પંચ દ્વારા મતદાર નાગરિકોને 'ફોટો મતદાર કાપલી' પહોંચાડવામાં આવી રહી છે. ગાંધીનગર શહેરમાં ચૂંટણી તા. ૧૪-૧૨-૧૭ના રોજ સવારના આઠ થી પાંચ કલાક સુધી મતદાન યોજાશે.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની તાજેતરમાં મળેલી બેઠકમાં આ પ્રસ્તાવ પસાર કરવામા આવ્યો હતો. આ બેઠકમાં સર્વ જયંતભાઈ ભટ્ટ, સુમંતભાઈ શાહ, જે.સી. પરમાર, જીતેન્દ્રભાઈ ત્રિવેદી, દશરથલાલ પરમાર, રાજેન્દ્ર પારેખ, સોમાભાઈ પરમાર વગેરેએ હાજરી આપી હતી.

વાતવાતમાં

● જૂના સચિવાલય પાસેના મીના બજારમાં સાંજના આશરે પાંચ વાગ્યાના સમયે ભરચક બજારમાં ગાંધીનગર નાગરિક બેંકની સામેની જગ્યામાં બે આખલા બાખડયા હતા. આ બે આખલાની લડાઈ એટલી જોરદાર ચાલી રહી હતી કે તેમાં એક ઝાડ અને બે મહિના પૂર્વે ખરીદાયેલા એક નવા નક્કોર સ્કૂટરનો ખો નીકળી ગયો હતો.

● બે દિવસ ઓખી વાવાઝોડાની અસરના કારણે વાદળ છાયા વાતાવરણ તથા વરસાદને પગલે શહેરમાં ફરી વળેલા 'ટાઢા ટબૂકલા'માંથી ગુરુવારે રાહત મળી હતી. દિવસ દરમિયાન વાદળો હટી જતા સૂર્યનારાયણે આપેલા દર્શનને પગલે હૂંફાળુ વાતાવરણ અનુભવાયું હતું.

સે-૧૩ ખાતે સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સેકટર-૧૩ ખાતે આવેલ શ્રી લીમ્બચધામ ખાતે તા. ૯-૧૨-૨૦૧૭ને શનિવારના રોજ શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરેલ છે. જેનો સમય સવારે ૧૦ થી ૧૨નો રહેશે. દરેક ભાવિક ભકતોને હાજર રહી કથાનો લાભ લેવા નમ્ર વિનંતી છે. કથા પુરી થયા બાદ મહાપ્રસાદનું આયોજન કરેલ છે.

ફિઝિયોથેરેપી કોલેજ ખાતે ડિસેબિલીટી ડે ઉજવાયો

ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપી દ્વારા વર્લ્ડ 'ડિસેબિલીટી ડે' ઉજવવામાં આવ્યો હતો. જેમાં દિવ્યાંગ બાળકોએ ડાન્સ

પરફોર્મન્સ આપી સૌને મોહિત કરી દીધા હતા. આ ઉપરાંત ૫૦ જેટલા વયસ્ક દર્દીઓ પણ આ ઉજવણીમાં વકતૃત્વ સ્પર્ધા થકી જોડાયા હતા. આ કાર્યક્રમનું આયોજન કોલેજના પ્રિન્સિપાલ પ્રો. વેદિયનંદનના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આયોજન માટે ડૉ. નૈતિક તથા ડૉ. સૃષ્ટિ શર્માએ જહેમત ઉઠાવી હતી.

સાદરા ખાતે રાષ્ટ્રીય કક્ષાની ખો-ખો ટૂર્નામેન્ટ રમાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના સાદરા ખાતેની ગૂજરાત વિદ્યાપીઠના શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા ઓલ ઈન્ડિયા ઈન્ટર ઝોનલ તેમજ વેસ્ટ ઝોનની ખો-ખો સ્પર્ધાઓ યોજાઈ હતી. ઈન્ટર ઝોનલ સ્પર્ધામાં દેશભરની ૧૬ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં મુંબઈ વિદ્યાપીઠની ટીમ વિજેતા બની હતી.

ઓખી વાવાઝોડાની અસરથી સર્જાયેલા કમોસમી વરસાદના વાતાવરણ છતાં ગૂજરાત વિદ્યાપીઠના શારીરિક શિક્ષણ વિભાગ ખાતે ખો-ખોની રાષ્ટ્રીય કક્ષાની ટૂર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં દેશના ચારેય ઝોનની ૧૬ ટીમોને નોકઆઉટ પધ્ધતિથી સ્પર્ધા રમાડવામાં આવી હતી. આ સ્પર્ધામાં કુરુક્ષેત્ર, નોર્થ બંગાલ, પૂણે, મેંગ્લોર, જોનપુર, વિદ્યાસાગર, ફૈઝાબાદ, પંજાબ, કોલ્હાપુર, ગૂજરાત વિદ્યાપીઠ, મુંબઈ, કાલીકટ, કેરલા અને મૈસુર યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે.

ટૂર્નામેન્ટમાં પ્રથમ ક્રમે મુંબઈ વિદ્યાપીઠ, દ્વિતિય ક્રમે કાલીકટ યુનિવર્સિટી અને તૃતીય ક્રમે કેરાલા તથા મૈસુર યુનિવર્સિટીઓ સંયુકત વિજેતા બની હતી.

દોલારાણા વાસણામાં જુગારના અડ્ડા ઉપર પોલિસ ત્રાટકી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક આવેલા દોલારાણા વાસણા ગામમાં જોગણી માતાજીના મંદિર પાસે જાહેરમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમી ચિલોડા પોલિસને મળતા ગઈ કાલે પી.આઈ. નિરજ પટેલની ટીમે દરોડો પાડતા જુગારના અડ્ડા પર નાસભાગ મચી જવા પામી હતી. પોલિસના હાથે દોલારાણા વાસણાના રમેશ લક્ષ્મણ ઠાકોર અને દલા પ્રહલાદ ઠાકોર ઝડપાઈ ગયા હતા. જયારે કેટલાક શકુનીઓ રફ્ફુચક્કર થઈ જવામાં સફળ રહ્યા હતા. પોલિસે રૂ. ૩૪૦ રોકડ કબ્જે લઈ ગુનો દાખલ કરી બેની ધરપકડ કરી લીધી છે જયારે ફરારની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગરનો અનોખો સાંસ્કૃતિક કાર્યક્રમ

ગાંધીનગર, તા.૭

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગરે તેના રજત જયંતિ મહોત્સવ નિમિત્તે તા. ૧૦-૧૨-૨૦૧૭ને રવિવારે બપોરે ૨.૩૦ કલાકે સે-૨૩ના કડી કેમ્પસ ખાતેના શેઠ ખીમજી વિશરામ નાથીબા હોલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સંસ્થાના આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન, તખ્તાના નીવડેલ કલાકાર તથા નાટયલેખક, શ્રી પ્રફુલ્લ ભાવસાર તેઓએ જ લખેલ નાટક 'ભાઈ-ભાઈ સગા ભાઈ'ની રજુઆત દરમિયાન ઉપસ્થિત રહેશે.

સંસ્થાના સભ્યો તથા તેઓના જ પરિવારજનોનો આ અનોખો કાર્યક્રમ માણવા સૌ પરિવારજનો તથા સૌને જાહેર નિમંત્રણ છે. અલ્પાહાર બાદ કાર્યક્રમ પૂર્ણ થશે તેમ જણાવાયું છે.

જીઈબી કોલોની ખાતે ભાજપની જનસંપર્ક યાત્રા

ગાંધીનગર, તા.૭

વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ના મતદાન માટે ગણત્રીના દિવસો બાકી છે ત્યારે મતદારોને ભાજપના વિકાસ કાર્યોની યાદ અપાવવા ભાજપના ગાંધીનગર-ઉત્તરના ઉમેદવાર અશોક પટેલ દ્વારા જીઈબી, જીઈબી છાપરા અને સે-૨૯ના રહીશોનો રૂબરૂ સંપર્ક કરવા વિકાર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપના કાર્યકરો અને એક લાઉડ સ્પીકર વાન સાથે રેલીનું જીઈબીના ગેટથી પ્રસ્થાન થયું હતું. ભાજપના અશોક પટેલ અને ભાજપના આગેવાનો એ લોકોનો જનસંપર્ક કર્યો હતો. સે-૨૯ ની મુલાકાત દરમિયાન જલારામ બાપાના આર્શીવાદ પણ લેવામાં આવ્યા હતા.

રાંધેજા વિદ્યામંદિરમાં ગીતા જયંતિની ઉજવણી

શ્રી જે.એસ. પટેલ વિદ્યામંદિર, રાંધેજામાં ગીતા જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય શૈલેષભાઈ પટેલ, શિક્ષક આર.ડી. પટેલ, સુરેખાબેન પટેલે ગીતા જયંતિ વિષે પ્રવચન આપ્યું હતું.

ભગવાન શ્રી કૃષ્ણના મુખે ગીતાનું જ્ઞાન અર્જુનને કયારે કઈ પરિસ્થિતિમાં મળે તેનું નાટક આર.જી. ગજજરના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ પાસે ભજવવવામાં આવ્યું હતું. ઠાકોર કોમલે 'શ્રી કૃષ્ણ' જાની નિશાએ 'અર્જુન'ના પાત્રને ન્યાય આપ્યો હતો. દુર્યોધનના પાત્રમાં ખત્રી પ્રાચી હતા જયારે વ્યાસ હિમાનીએ 'યુધિષ્ઠિર'નું પાત્ર ભજવેલ હતું. રાજુભાઈ ગજજરનું સન્માન શાળા પરિવાર દ્વારા સુરેખાબેન બલેવીયા, તેમજ સુરેખાબેન પટેલ દ્વારા કરાયું હતું. આભારવિધિ વાસુદેવભાઈ પટેલે કરી હતી. સંચાલન નીરૂબેન સોલંકીએ કરેલ હતું.

સે-૨માં પાંચ દિવસ બંધ રહેલા મકાનમાં ઘરફોડ

ગાંધીનગર, તા.૭

શહેરના સેકટર-૨-ડી પ્લોટ નં. ૧૬૬૫/૧ ખાતે રહેતા અને સે-૨૮ એન્જીનીયરીંગ કોલેજમાં પ્રોફેસર તરીકે સેવા આપતા દિનેશભાઈ દશરથભાઈ મેવાડા ૧લી ડીસેમ્બરે મકાનને તાળુ મારીને પોતાના વતન ચરોતર વિસ્તારમાં ગયા હતા. પાંચ દિવસ બંધ રહેલા તેમના મકાનની જાળીનું તાળુ તોડી તસ્કરો તેમના મકાનમાં ઘુસ્યા અને મકાનમાંથી ચાંદીની બંગડી, રૂ. ૪ હજાર રોકડા અને વીડીયોકોન કંપનીનું આખું ટીવી પણ તસ્કરો ઉઠાવીને સરકી ગયા હતા. દિનેશભાઈની ફરિયાદ આધારે સે-૭ પોલિસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

આપત્તિના સમયે હેમ રેડિયો બચાવ કાર્ય માટે ખૂબ ઉપયોગી

એમ.બી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલની ૨૦૦ વિદ્યાર્થીનીઓને હેમ રેડિયોથી માહિતગાર કરાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને કોમ્યુનિકેશનના સાધનોને ઓળખે જેથી આપત્તિના સમયે તેનો યોગ્ય ઉપયોગ કરી શકે તે હેતુથી મંગળવારે એમ.બી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે 'હેમ રેડિયો નિદર્શન' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત ડિઝાસ્ટર મેનોજમેન્ટ ઓથોરિટીના નિવૃત્ત ડાયરેકટર જગદીશ પંડયા, સાલ એન્જિનીયરીંગ કોલેજના કૌશલ જાની તથા નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ સહિત હાઈસ્કૂલના આચાર્યા નીરૂબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

જીડીએમએના નિવૃત્ત ડાયરેકટર પંડયાએ વિદ્યાર્થીઓને ભૂકંપ, વાવાઝોડુ, સુનામી વગેરે જેવી કુદરતી આપત્તિઓ દરમિયાન બધી કોમ્યુનિકેશન સેવાઓ ખોરવાઈ જાય ત્યારે હેમ રેડિયોની ઉપયોગિતા અંગે માહિતગાર કર્યા હતા. અગાઉ ભૂકંપ અને મોરબી હોનારત વખતે તેના થયેલા ઉપયોગ અંગે વાકેફ કર્યા હતા. કૌશલ જાનીએ વિદ્યાર્થીઓને હેમ રેડિયો ઓપરેટર માટેની પરીક્ષા અંગે તથા ટેકનિકલ માહિતી પુરી પાડી હતી. ડૉ. અનિલ પટેલે ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ એમેચ્યોર રેડિયો સંસ્થા અંગે માહિતી આપી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત ૨૦૦ જેટલી વિદ્યાર્થીનીઓને હેમ રેડિયોનું ટેસ્ટિંગ કરવા દેવાયું હતું. કાર્યક્રમને સફળ બનાવવા નિસર્ગ સાયન્સ સેન્ટરના કો ઓર્ડિનેટર્સ હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ તથા હાઈસ્કૂલના વિજ્ઞાન શિક્ષિકા શિલ્પાબેન ત્રિવેદીએ જહેમત ઉઠાવી હતી.

ચિરવિદાય

● સ્વ. ઉત્તમ નથ્થુભાઈ બોરસે, ઉ.વ. ૬૫